| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :: | ૧૩-૧૦-૧૨ |
| રજીસ્ટર તારીખ | :: | ૧૩-૧૦-૧૨ |
| નિકાલ તારીખ | :: | ૩૦-૧૦-૧૩ |
| સમયગાળો | :: | વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૦ ૧૭ |

નામદાર શ્રી એડી.ચીફ જયુ.મેજી. સાહેબશ્રીની અદાલત, ધ્રાંગધ્રા.

ફોજદારી કેસ નંબર :: ૮૧૧/૨૦૧૨

આંક :: ૪૪

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

૧. દિગ્વિજયસિંહ બહાદૂરસિંહ જાડેજા,
ઉ.વ. : ૩૮, રહે. રાજકોટ
રુમ નં. ૧ કાલાવાડ રોડ,
પ્લોટ નં. ૪૫, શેરી નં. ૪
રાજકોટ. ..તહોમતદાર.

તહોમત :: ઈ.પી.કો.ક. ૩૬૫, ૩૨૫, ૪૯૮(ક), ૩૮૪, ૫૦૬(૨),૫૦૭ તથા દહેજ પ્રતિબંધક ધારા ક ૩-૭ મુજબ.

શ્રીસરકાર તરફે :: સિ.એ.પી.પી.શ્રી પલાસ
તહોમતદાર તરફે :: વિ.વ.શ્રી જે.બી.જાની

## ઠરાવ

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ થલ તારીખ : ૫–૭–૧૨ થી ૯–૭–૧૨ના લગ્ન બાદથી શારીરીક તેમજ માનસિક ત્રાસ આપી અવારનવાર મુંઢમાર મારી શારીરીક ઈજા કરી તેમના કુટુંમ્બને જાનથી મારી નાખવાની ધમકી આપી ફોન કરી લલચાવી ફોસલાવી ધ્રાંગધ્રા થી સુરેન્દ્રનગર અને રાજકોટ લઈ જઈ રુમમાં પુરી દઈ અપનયન કરી બળજબરીથી સુસાઈટ નોટ તથા છુટાછેડાના દસ્તાવેજ માં મરજી વિરુધ્ધ સહીઓ લઈ રોકડ રુપિયાની માંગણી કરી જમણા હાથની ટચલી આંગળી ઉપર ઈજા કરી ગુન્હો કરેલ છે આમ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૬૫, ૩૨૫, ૪૯૮(ક), ૩૮૪, ૫૦૬(૨),૫૦૭ તથા દહેજ પ્રતિબંધક ધારા ક ૩–૭ મુજબ ગુન્હો કરેલ છે.

(૨) સદરહું ગુન્હાનું તહોમત મજકૂર આરોપી વિરુધ્ધ ધ્રાંગધ્રા પોલીસે તેમના પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નંબર :: ફર્સ્ટ ૩૨/૨૦૧૨ થી મુકેલ છે. અને તપાસના અંતે આ કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

(૩) ત્યારબાદ આ કામે આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસપેપર્સની નકલો પાઠવી આંક : ૨૪થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક : ૨૫ દરમ્યાન પ્લી રેકર્ડ કરવામાં આવતા પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાનું જણાવેલ છે અને ગુન્હો કબુલ ન હોવાનું જણાવેલ છે જેથી ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબ પુરાવો રજુ થયેલ છે.

–:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::–

| | | |
|---|---|---|
| ૧. | ફરી.પક્ષે રીનાબા દિગવિજયસિંહની જુબાની | આંક:૨૮ |
| | ફરીયાદ | આંક:૨૯ |
| ૨. | ફરી.પક્ષે મહેન્દ્રસિંહ પ્રભાતસિંહની જુબાની | આંક:૩૦ |

| | | |
|---|---|---|
| ૩. | ફરી.પક્ષે રાજવિરસિંહ મહેન્દ્રસિંહની જુબાની | આંકઃ૩૩ |
| ૪. | ફરી.પક્ષે મીનાબા મહેન્દ્રસિંહની જુબાની | આંકઃ૩૪ |
| ૫. | ફરી.પક્ષે કાશીબેન ભીખાભાઈની જુબાની | આંકઃ૩૮ |
| | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | આંકઃ૩૯ |
| | મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું | આંકઃ૪૦ |
| | મેડીકલ કેસપેપર્સ | આંકઃ૪૧ |
| | લીનાબાનો મેડીકલ કેસ પેપર્સ | આંકઃ૪૨ |
| | મેડીકલ કેસપેપર્સ | આંકઃ૪૩ |

(૪) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. બંને પક્ષે તેમની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દા ::–

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી એ ગઈ તારીખ : ૫–૭–૧૨ થી ૯–૭–૧૨ના લગ્ન બાદથી શારીરીક તેમજ માનસિક ત્રાસ આપી અવારનવાર મુંઢમાર મારી શારીરીક ઈજા કરી તેમના કુટુંમ્બને જાનથી મારી નાખવાની ધમકી આપી ફોન કરી લલચાવી ફોસલાવી ધ્રાંગધ્રા થી સુરેન્દ્રનગર અને રાજકોટ લઈ જઈ રુમમાં પુરી દઈ અપનયન કરી બળજબરીથી સુસાઈટ નોટ તથા છુટાછેડાના દસ્તાવેજમાં મરજી વિરુધ્ધ સહીઓ લઈ રોકડ રુપિયાની માંગણી કરી જમણા હાથની ટચલી આંગળી ઉપર ઈજા કરી ગુન્હો કરેલ છે આમ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૬૫, ૩૨૫, ૪૯૮(ક), ૩૮૪, ૫૦૬(૨),૫૦૭ તથા દહેજ પ્રતિબંધક ધારા ક ૩–૭ મુજબ ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

–:: કારણો ::–

(૮) ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણોની ચર્ચા કરવામાં આવે તે પહેલા ઉલ્લેખનીય છે કે, ફરીયાદ પક્ષે આ કામે દસ્તાવેજી પુરાવા તરીકે ફરીયાદ આંકઃ૨૯, આરોપીની શરીર સ્થિતિનું પંચનામું આંકઃ૩૯, મોબાઈલ ફોન કબજે કર્યાનું પંચનામું આંકઃ૪૦, મેડીકલ કેસપેપર્સ આંકઃ૪૧,લીનાબાનો મેડીકલ કેસ પેપર્સ આંકઃ૪૨, મેડીકલ કેસપેપર્સ આંકઃ૪૩ થી રજા રાખવામાં આવેલ છે આ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળવુ જરુરી છે જયાં સુધી દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તે માનીને આગળ ચાલી શકાય નહી.

(૯) આ કામે પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષે આ કામે ફરીયાદ પક્ષે આંક : ૨૮થી રીનાબા દિગ્વીજયસિંહ જાડેજાનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, તેણીના લગ્ન આજથી આશરે બારેક વર્ષ અગાઉ દિગ્વીજયસિંહ બહાદુરસિંહ જાડેજા સાથે થયેલા. તેમને સંતાનમાં એક દીકરી નામે યોગેશ્વરી જેની ઉમર નવેક વર્ષ છે. તેમના પતિ મ્યુનિસીપલ કોર્પોરેશન શાખા, રાજકોટમાં ફાયર બ્રીગેડ શાખામાં ફરજ બજાવે છે. તેમજ તેઓ રાજકોટમાં રહે છે. તેમની સાથે તેમના પતિ તથા તેમના સાસુ લીલાબા તથા તેમના સસરા બહાદુરસિંહ રહેતા હતા. તેમના લગ્ન સંબંધમાં તેમના ફુઆ વિક્રમસિંહ દાનુભા જાડેજા તથા ફૈબા ભાવનાબાએ કરાવેલા. અને તેમના પતિ તેઓના કાકાના દીકરા થતા હતા. તેમના લગ્ન બાદ તેણી તેના પતિની સાથે રહેવા માટે ગયેલી. શરૂઆતમાં તેમના પતિ મારી સાથે સારૂ રાખતા હતા. ત્યારબાદ ઘરકામ બાબતે અમારે બોલાચાલી થતી હતી તેણી તેનો ઘર સંસાર સારો ચાલે તે માટે સહન કરી લેતી હતી. અને તેણી જયારે જયારે તેણીના માતાપિતાના

ઘરે આવતી ત્યારે તેમના માતાપિતાને આ બાબતે જણાવતી પરંતું તેમના માતાપિતા તેમને આશ્વાશન આપી સાસરીયે મોકલતા હતા. તેમજ તેણીના માતા પિતા સાસરે લઈ જતા હતા બનાવ વખતે ફેબ્રુઆરી મહીનામાં તેમના ભાઈ રવીરાજના લગ્ન ધ્રાંગધ્રા મુકામે હતા અને આ લગ્ન માં આવવા માટે તેના પતિએ તેને જાણ કરેલી. ત્યારબાદ તેમણે તેની બહેનના લગ્નમાં આવવાની પણ વાત કરેલી. ત્યારબાદ તેમના પતિએ સુ.નગર બોલાવેલી. અને ત્યાંથી તેમના પતિ તેમને સાસરે લઈ ગયેલા. ત્યારબાદ તેણી તેના પતિના ઘરે રાજકોટ ગયેલી. અને સાંજે સાડા છ વાગ્યે રાજકોટ પહોચ્યા હતા. તે વખતે તેણી એકલી મારા ઘરમાં હતી. તે વખતે બન્ને પતિ પત્નિને તકરારો થયેલી ત્યારબાદ ધકકા મુકકી થયેલી તેણીએ ફરીયાદ આપેલી જે ફરીયાદ એફ.આઈ.આર. તેણીને બતાવવામાં આવે છે તેમાં તેણીની સહી છે તે ઓળખી બતાવી ફરીયાદ આંક : ૨૮થી રજુ કરે છે અને આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે મહેન્દ્રસિંહ પ્રભાતસિંહનાઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન જણાવેલ છે કે, તેમની દીકરીના લગ્ન આજથી આશરે બારેક વર્ષ અગાઉ દિગ્વીજયસિંહ બહાદુરસિંહ જાડેજા સાથે થયેલા. અને તેમની દીકરીને સંતાનમાં એક દીકરી નામે યોગેશ્વરી જેની ઉંમર નવેક વર્ષ છે. તેમની દીકરીના પતિ મ્યુનિસીપલ કોર્પોરેશન શાખા, રાજકોટમાં ફાયર બ્રીગેડ શાખામાં ફરજ બજાવે છે. તેમજ તેઓ રાજકોટમાં રહે છે. તેમની દીકરી તેણીના પતિ તથા સાસુ લીલાબા તથા સસરા બહાદુરસિંહ રહેતા હતા. તેમની દીકરીના લગ્ન સંબંધમાં તેમના બનેવી વિક્રમસિંહ દાનુભા જાડેજા તથા બેન ભાવનાબાએ કરાવેલા. અને તેમના જમાઈ તેઓના કાકાના દીકરા થતા હતા. તેમની

દીકરી લગ્ન બાદ તેના પતિની સાથે રહેવા માટે ગયેલી. શરૂઆતમાં તેમની દીકરીના પતિ તેમની દીકરીને સારૂ રાખતા હતા. ત્યારબાદ ઘરકામ બાબતે તેઓને બોલાચાલી થતી હતી તેમની દીકરી તેણીનો ઘર સંસાર સારો ચાલે તે માટે સહન કરી લેતી હતી. અને તેણી જયારે જયારે તેમના ઘરે આવતી ત્યારે તેઓ તેણીને આ બાબતે આશ્વાશન આપી તેણીને તેના સાસરીયે મોકલતા હતા. તેમજ તેઓ તથા તેમની પત્નિ સાસરે લઈ જતા હતા. બનાવ વખતે ફેબ્રુઆરી મહીનામાં તેમના દીકરા રવીરાજના લગ્ન ધ્રાંગધ્રા મુકામે હતા અને આ લગ્નમાં આવવા માટે તેમની દીકરીના પતિએ મારી દીકરીને જાણ કરેલી. ત્યારબાદ મારી દીકરીએ લગ્નમાં આવવાની પણ વાત કરેલી. ત્યારબાદ મારી દીકરીના પતિએ મારી દીકરીને સુ.નગર બોલાવેલી. અને ત્યાંથી મારી દીકરીના પતિ મારી દીકરીને સાસરે લઈ ગયેલા ત્યારબાદ મારી દીકરી તેના પતિના ઘરે રાજકોટ ગયેલી. અને સાંજે સાડા છ વાગ્યા રાજકોટ પહોચ્યા હતા. તે વખતે મારી દીકરી એકલી મારા ઘરમાં હતી. તે વખતે મારા જમાઈ અને મારી દીકરી વચ્ચે તકરારો થયેલી. ત્યારબાદ ધકકા મુકકી થયેલી. મારી દીકરીએ ફરીયાદ આપેલી. જે ફરીયાદના અનુસંધાને પોલીસે મારો જવાબ લીધેલો અને તમો આરોપીને કોર્ટ રુબરુ ઓળખતા હોવાનું જણાવેલ છે.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે રાજવીરસિંહ મહેન્દ્રસિંહનાઓએ આંક : ૩૩ની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, તેમની બહેનના લગ્ન આજથી આશરે બારેક વર્ષ અગાઉ દિગ્વીજયસિંહ બહાદુરસિંહ જાડેજા સાથે થયેલા. અને તેમની બહેનને સંતાનમાં એક દીકરી નામે યોગેશ્વરી જેની ઉંમર નવેક વર્ષ છે તેમની બહેનના પતિ મ્યુનિસીપલ કોર્પોરેશન શાખા, રાજકોટમાં ફાયર બ્રીગેડ

JUDICIAL MAGISTRATE DHRANGADHRA

શાખામાં ફરજ બજાવે છે તેમજ તેઓ રાજકોટમાં રહે છે તેમની બહેન તેણીના પતિ તથા સાસુ લીલાબા તથા સસરા બહાદુરસિંહ સાથે રહેતા હતા તેમની બહેનના લગ્ન સંબંધમાં તેમના ફુવા વિક્રમસિંહ દાનુભા જાડેજા તથા ફોઈ ભાવનાબાએ કરાવેલા બનેવી તેઓના કાકાના દીકરા થતા હતા. તેમની બહેન લગ્ન બાદ તેના પતિની સાથે રહેવા માટે ગયેલી. શરૂઆતમાં તેમની બહેનના પતિ તેમની બહેનને સારી રીતે રાખતા હતા ત્યારબાદ ઘરકામ બાબતે તેઓને બોલાચાલી થતી હતી પરંતું તેમની બહેન તેણીનો ઘર સંસાર સારો ચાલે તે માટે સહન કરી લેતી હતી તેમની બહેન જયારે જયારે ઘરે આવતી ત્યારે તેઓ તેણીને આ બાબતે આશ્વાશન આપી તેણીને તેના સાસરીયે મોકલતા હતા. તેમજ તેઓ તથા તેમના ઘરના સાસરે લઈ જતા હતા. બનાવ વખતે ફેબ્રુઆરી મહીનામાં મારા લગ્ન ધ્રાંગધ્રા મુકામે હતા અને આ લગ્ન માં આવવા માટે મારા બહેનના પતિએ મારી બહેનને જાણ કરેલી. ત્યારબાદ મારી બહેને લગ્નમાં આવવાની પણ વાત કરેલી. ત્યારબાદ તેમની બહેનના પતિએ તેમની બહેનને સુ.નગર બોલાવેલી. અને ત્યાંથી તેમની બહેનના પતિ તેમની બહેનના સાસરે લઈ ગયેલા. ત્યારબાદ તેમની બહેન તેના પતિના ઘરે રાજકોટ ગયેલી. અને સાંજે સાડા છ વાગ્યે રાજકોટ પહોચ્યા હતા. તે વખતે મારી બહેન એકલી ઘરમાં હતી તે વખતે મારા બનેવી અને મારી બહેન વચ્ચે તકરારો થયેલી ધકકા મુકકીમાં મારી બહેનને ઈજા થયેલી તેમની બહેને ફરીયાદ આપેલી જે ફરીયાદના અનુસંધાને પોલીસે તેમનો જવાબ લીધેલો.

(૧૨) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે આંક : ૩૪થી મીનાબા મહેન્દ્ર સિંહનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, તેમની દીકરીના લગ્ન આજથી આશરે બારેક વર્ષ અગાઉ દિગ્વીજયસિંહ બહાદુરસિંહ

જાડેજા સાથે થયેલા. અને તેમની દીકરીને સંતાનમાં એક દીકરી નામે યોગેશ્વરી જેની ઉંમર નવેક વર્ષ છે. તેમની દીકરીના પતિ મ્યુનિસીપલ કોર્પોરેશન શાખા, રાજકોટમાં ફાયર બ્રીગેડ શાખામાં ફરજ બજાવે છે. તેમજ તેઓ રાજકોટમાં રહે છે. તેમની દીકરી તેણીના પતિ તથા સાસુ લીલાબા તથા સસરા બહાદુરસિંહ સાથે રહેતા હતા. તેમની દીકરીના લગ્ન સંબંધમાં તેમના નણંદોઈ વિક્રમસિંહ દાનુભા જાડેજા તથા નણંદ ભાવનાબાએ કરાવેલા તેમના જમાઈ તેઓના કાકાના દીકરા થતા હતા. તેમની દીકરી લગ્ન બાદ તેના પતિની સાથે રહેવા માટે ગયેલી. શરૂઆતમાં તેમની દીકરીના પતિ તેમની દીકરીને સારૂ રાખતા હતા. ત્યારબાદ ઘરકામ બાબતે તેઓને બોલાચાલી થતી હતી. પરંતું તેમની દીકરી તેણીનો ઘર સંસાર સારો ચાલે તે માટે સહન કરી લેતી હતી. અને તેણી જયારે જયારે તેમના ઘરે આવતી ત્યારે અમો તેણીને આ બાબતે આશ્વાશન આપી તેણીને તેના સાસરીયે મોકલતા હતા તેણી તથા તેણીના પતિ તેમની દિકરીને સાસરે લઈ જતા હતા. બનાવ વખતે ફેબ્રુઆરી મહીનામાં મારા દીકરા રવીરાજના લગ્ન ધ્રાંગધ્રા મુકામે હતા અને આ લગ્ન માં આવવા માટે મારી દીકરીના પતિએ મારી દીકરીને જાણ કરેલી. ત્યારબાદ મારી દીકરીએ લગ્નમાં આવવાની પણ વાત કરેલી. ત્યારબાદ મારી દીકરીના પતિએ મારી દીકરીને સુ.નગર બોલાવેલી. અને ત્યાંથી મારી દીકરીના પતિ મારી દીકરીના સાસરે લઈ ગયેલા. ત્યારબાદ તેમની દીકરી તેના પતિના ઘરે રાજકોટ ગયેલી ત્યારબાદ સાંજે સાડા છ વાગ્યે રાજકોટ પહોચ્યા હતા. તે વખતે મારી દીકરી એકલી મારા ઘરમાં હતી તે વખતે મારા જમાઈ અને મારી દીકરી વચ્ચે તકરારો થયેલી ધકકા મુકકીમાં મારી દીકરીને ઈજા થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નથી મારી

દીકરીએ ફરીયાદ આપેલી જે ફરીયાદના અનુસંધાને પોલીસે મારો જવાબ લીધેલો અને આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે.

(૧૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે આંક : ૩૮થી ત.ક.અ. સાહેદશ્રીને તપાસેલ છે તેઓએ જણાવેલ છે તેઓને તપાસના અનુસંધાને ફરીયાદની તપાસ કરતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવે છે તેથી ચાર્જશીટ કરેલ છે તથા આંક – ૩૯ થી ૪૦ પંચનામાઓ તથા આંક – ૪૧ થી ૪૩ સુધી ડોકટરી સર્ટી રજા કરવામાં આવેલ છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે રજા રખાયેલો સમગ્ર પુરાવો જોવામાં આવે તો ખુદ ફરીયાદી તથા સાહેદોએ એવી હકીકતો જણાવેલી છે કે, ફરીયાદીના લગ્ન આરોપી સાથે થયા બાદ તેણી સાસરે ગયેલી અને થોડો સમય સારી રીતે ચાલેલ ત્યારબાદ સામાન્ય ધરકામ બાબતે ઝધડો થતો હતો અને તેણી માવતરે આવતી રહેતી તેથી તેના માતા–પિતા તેને સમજાવીને આશ્વાસન આપીને પરત સાસરે મોકલી આપતા હતા અને રાજકોટ લઈ જઈ અપનયના કર્યા અંગે જે પુરાવો આપેલ છે તે જોવામાં આવે તો સાહેદ કે ફરીયાદી તેણીને રાજકોટ લલચાવી ફોસલાવી લઈ ગયેલાનું જણાવતા નથી પરંતુ તેણીની દિકરી રાજકોટ ગયેલી અને તેણીની દિકરી રાજકોટ એકલી ધરમાં હતી તેમ હકીકતો જણાવે છે પરંતુ આ કામના આરોપીએ તેને પુરી દીધી હોય કે અપનયન કરેલ હોવા અંગે જે હકીકતો રેકર્ડ ઉપર આવવી જોઈએ તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં સાહેદોએ આપેલ પુરાવો જોવામાં આવે તો કોઈ પણ સાહેદ કે ફરીયાદીએ એ હકીકતો પણ જણાવેલ નથી કે, આ કામના આરોપીએ ગઈ તારીખ : ૫–૭–૧૨ થી ૯–૭–૧૨ના લગ્ન બાદથી શારીરીક તેમજ માનસિક ત્રાસ આપી અવારનવાર મુંઢમાર મારી શારીરીક ઈજા કરી

તેમના કુટુંમ્બને જાનથી મારી નાખવાની ધમકી આપી ફોન કરી લલચાવી ફોસલાવી ધ્રાંગધ્રા થી સુરેન્દ્રનગર અને રાજકોટ લઈ જઈ રુમમાં પુરી દઈ અપનયન કરી બળજબરીથી સુસાઈટ નોટ તથા છુટાછેડાના દસ્તાવેજમાં મરજી વિરુધ્ધ સહીઓ લઈ રોકડ રુપિયાની માંગણી કરી જમણા હાથની ટચલી આંગળી ઉપર ઈજા કરી હોય આમ ફરીયાદપક્ષે મુકવામાં આવેલા આક્ષેપોની વિગતે ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદોએ પુરાવો આપેલો નથી. આ કામે સરકાર પક્ષ ધ્વારા ફરીયાદી તથા સાહેદોની ઉ.ત. વિ.એપીપીશ્રી ધ્વારા કરવામાં આવેલી છે તે દરમ્યાન પણ તેઓ ફરીયાદપક્ષના કેસ મુજબની હકીકતોનો સ્વીકાર કરતા નથી બચાવપક્ષની ઉ.ત. દરમ્યાન સાહેદો અને ફરીયાદીએ એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેમની બહેન તેણીના પતિ સાથે રહે છે અને સમાધાન થઈ ગયેલ છે. તેમની બહેનને આરોપી સાથે મનદુ:ખ થતુ તે હકીકત મને કે તેમના ઘરનાને કોઈને કહેતી નહી. અને તે બાબતની મને પણ કયારેય જાણ કરેલ નથી. ફરીયાદ થઈ તે અગાઉ કોઈ સગાને કોઈ હકીકત જણાવેલ નહી. એ વાત ખરી છે કે, તેમની બહેનને આરોપી સાથે વૈચારિક મતભેદ થતા હોય તેથી નાના મોટા ઝઘડા થતા તે સિવાય બીજુ કાંઈ થયેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદી અને આરોપીને સમાધાન થઈ ગયેલ હોય તેથી આગળ કામ ચલાવવા માંગતા નથી આમ દરેક સાહેદોએ બચાવપક્ષની ઉ.ત. દરમ્યાન આવી હકીકતોનો સ્વીકાર કરીને ફરીયાદપક્ષના કેસની હકીકતોને નુકશાન પહોચાડેલ છે ફરીયાદપક્ષની જવાબદારી છે કે, આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલા આક્ષેપો પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે મે કરેલ ચર્ચાનુંસાર ફરીયાદ પક્ષ તેમ કરવામાં સફળ રહેલા નથી. આમ કરેલ સમગ્ર ચર્ચાનુંસાર ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપ પુરવાર કરી શકેલા નથી આરોપીઓએ પોતાના વિશેષ નિવેદન દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા

મુકવામા આવેલા આક્ષેપો ખરા ન હોવાનું જણાવેલ છે કાયદાના સિધ્ધાંતો જોવામાં આવે તો ફરીયાદપક્ષની નબળાઈનો લાભ બચાવપક્ષને મળી શકે છે પરંતુ બચાવપક્ષની નબળાઈનો લાઈ ફરીયાદપક્ષને મળે નહી. ત્યારે પણ આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય જણાતું નથી જેથી કરેલ સમગ્ર ચર્ચાનુંસાર મુદ્દા નંબર : (૧)નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અંગે છેવટનો હુકમ નીચે મુજબ કરુ છું.

—:: આખરી હુકમ ::—

(૧) આ કામના આરોપીઓને તેમની વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત ઈ. પી. કો. કલમ મુજબના ગુન્હાના કામે ક્રિ. પ્રો.કોડની કલમ ૨૪૮(૧)ની જોગવાઈઓ અનુસાર નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીઓના જાતમુચરકા તથા જામીનખત રદ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ)ની જોગવાઈ અનુસાર જાતમુચરકા તથા જામીનખત અપીલના કામ અંગે લેવામાં આવેલા છે.

હુકમ આજ તારીખ :: ૩૦મી માહે : ઓકટોબર સને : ૨૦૧૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ :: ધ્રાંગધ્રા.
તારીખ :: ૩૦–૧૦–૨૦૧૩.

(બી.કે.ચંદારાણા)
એડી.ચીફ જયુ.મેજી.
ધ્રાંગધ્રા.

Seen